# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઇ રહેલો "રવિ કૃષિ મહોત્સવ છ અને સાત ડિસેમ્બરે યોજાશે..**
2) **કચ્છ-ભૂજના સ્મૃતિવન મ્યુઝિયમને તેના ઇન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ 2024 વિશ્વ ટાઈટલ એનાયત કરાયું**
3) **My Ration મોબાઈલ એપ્લિકેશનની મદદથી રેશનકાર્ડ ધારકો જાતે જ પોતાનાં પરિવારનું e – KYC કરી શકશે**
4) **સ્થાનિક ખેલાડીઓને પોતાનું કૌશલ્ય દર્શાવવા માટે મંચ પુરુ પાડતા ખેલમહાકુંભનો આવતીકાલથી આરંભ થશે**
5) **લઘુત્તમ તાપમાનનો પારો ઉચકાતા રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યુ**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAVI KRUSHI MAHOTSAV

રાજ્યભરમાં છ અને સાત ડિસેમ્બરે "રવિ કૃષિ મહોત્સવ 2024"નું આયોજન કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠાના દાંતીવાડા ખાતેથી આ મહોત્સવનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, આ આયોજનથી કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિ સમજવામાં સરળતા થઈ તેમજ ખેડૂતોની સમસ્યાને અનુરૂપ સંશોધનો કરવામાં પણ તેમને સફળતા મળી.

શ્રી પટેલે ઉમેર્યું કે, 'આ મહોત્સવ થકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો "લેબ ટૂ લેન્ડ" એટલે કે, "પ્રયોગશાળાથી જમીન"નો મંત્ર ચરિતાર્થ થયો છે. આ આયોજનથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો તેમજ તજજ્ઞો વચ્ચેનું અંતર દૂર થયું છે.'

**(બાઈટઃ રાઘવજી પટેલ, કૃષિમંત્રી)**

---

- (માહિતી ખાતા- ગાંધીનગર- પ્રવેશ અડિએચા)

, NAVIN

# UNESCO

કચ્છ-ભૂજના સ્મૃતિવન મ્યુઝિયમને તેના ઇન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ 2024 વિશ્વ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું છે. પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતને એનાયત થયેલો આ એવોર્ડ રાજ્ય સરકાર વતી રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ માટે સ્મૃતિવનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને 2024ના વર્ષની શરૂઆતમાં વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું. કચ્છમાં આવનારા પ્રવાસીઓ માટે આ સ્મૃતિવન મ્યુઝિયમ જોવાલાયક સ્થળ તરીકે આકર્ષીત બન્યું છે.

-----------------------------------------------------------------------

- મા.ખાતુ- રિધ્ધિ

, NAVIN

# E KYC

રેશનકાર્ડમાં My Ration મોબાઈલ એપ્લિકેશનની મદદથી e – KYC કરાવવું સરળ બન્યું છે. રેશનકાર્ડ ધારકો જાતે જ ઘરે બેઠા જ પોતાનાં પરિવારનું e – KYC કરી શકે તેવી સુવિધા કરવામાં આવી છે..

કેન્દ્ર સરકાર દ્વારા રેશનકાર્ડ ધારક કુટુંબનાં સભ્યોની વ્યક્તિગત ઓળખની ખરાઈ થકી તે હેતુસર રેશનકાર્ડમાં ઈ - કે.વાય.સી. કરાવવાની કામગીરી હાલ દેશભરમાં ચાલી રહી છે. e – KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની વિગતો માત્ર આપવાની રહે છે. e – KYC માટે કોઈપણ દસ્તાવેજની કોપી કે બેંક એકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી.

આ કામગીરીને કારણે સમય અને નાણાંનો વ્યય થતો પણ અટકશે અને બચત થશે. ઓનલાઈન એપ્લિકેશનનાં માધ્યમથી ઈ - કે.વાય.સી. કરાવવાની પ્રક્રિયા સરળ છે. રેશનકાર્ડ ધારકો પોતાના સ્માર્ટફોનમાં એપ ડાઉનલોડ કરીને આ પ્રક્રિયા સરળતાથી કરી શકશે.

---

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

, NAVIN

# Civil Defence Day Celebration

આગામી છઠ્ઠી ડિસેમ્બર નાગરિક સંરક્ષણ અને ગૃહ રક્ષક દળ સ્થાપના દિવસ છે. તેની ઉજવણીના ભાગરૂપે કેન્સર જાગૃતિ બાઇક રેલી યોજાઇ હતી. અમદાવાદના લાલદરવાજા થી વાસણા સ્થિત ગુજરાત કેન્સર સોસાયટી સુધી યોજાયેલી આ રેલીમાં નાગરિક સંરક્ષણના સ્વયંસેવકો સહિત કેન્સર સોસાયટીના કર્મચારીઓ જોડાયા હતા. આ ઉજવણી  અંગે ડી વાય એસ પી શેખે વધુ માહિતી આપી હતી.

## બાઇટ - ડી વાય એસ પી એ એ શેખ

---------------------------------------------------------------------

- માહિતી, હર્ષલ પંડયા, NAVIN

# PATAN SANSAD LETTER

રાજ્યસભાના સાંસદ મયંક નાયક દ્વારા પાટણની કેન્દ્રીય વિધાલયના નવા બિલ્ડિંગને ઝડપથી કાર્યરત કરવા માટે રજૂઆત કરી છે. નવું તૈયાર થઇ ગયેલું આ મકાન લાંબા સમયથી તૈયાર થઇ ગયુ છે. પરંતુ તેમાં શૈક્ષણિક કાર્ય થઇ રહ્યું નથી.

આ શાળા અન્ય જગ્યાએ ભાડાના મકાનમાં કાર્યરત છે.. જેથી હવે આ ઇમારતને ઉપયોગ કરીન તેને શૈક્ષણિક કાર્યના ઉપયોગમાં લેવા માટે એક પત્ર સાંસદે લખ્યો છે.

---------------------------------------------------------------------

- પીટીસી- પાટણ – હર્ષલ પંડ્યા, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# GUJ. KHEL MAHAKUMBH

રાજ્યમાં ત્રીજા તબક્કાનો ખેલ મહાકુંભ આવતીકાલથી 31 માર્ચ, 2025 દરમિયાન યોજાશે. રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ ખેલ મહાકુંભ અંતર્ગત 39 રમતો, 32 ઓલિમ્પિક રમતો, 7 અન્ય રમતો, જ્યારે વિશેષ ખેલ મહાકુંભ અંતર્ગત 25 પેરા- રમતોનું આયોજન કરાશે.

શ્રી સંઘવીએ ઉમેર્યું કે, નવા ફેરફારો, વિજેતા ખેલાડીઓને પુરસ્કાર તેમજ દિવ્યાંગ ખેલાડીઓ માટેનો વિશેષ ખેલ મહાકુંભ જેવી નવી બાબતો સાથે આ વર્ષે ખેલ મહાકુંભ યોજાશે. ખેલ મહાકુંભ 7 વિવિધ વયજુથના સમૂહમાં યોજાશે, જેમાં અંડર-9, 11, 14, 17, ઓપન કેટેગરી, 40 વર્ષથી વધુ તેમજ 60 વર્ષથી વધુ વય ધરાવતા ખેલાડીઓ ભાગ લઇ શકશે.

આ વર્ષે વિશેષ ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓ ક્રિકેટ, વોલીબોલ અને સ્વીમીંગમાં ભાગ લઇ શકશે જ્યારે મનોદિવ્યાંગ ખેલાડીઓ સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ, સ્વીમીંગ, રોલર સ્કેટીંગ, હેન્ડબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ક્રિકેટ, ફૂટબોલ, સોફ્ટબોલ તો અંધજન દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ અને બહેરામુંગા દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, વોલીબોલ તેમજ સેરેબલ પાલ્સી દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, રમતમાં ભાગ લઇ શકશે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ પાંચથી 25 ડિસેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

---

- રીપીટ

# KUTCH CHITTA SAMVARDHAN KENDRA

આજે રાજ્ય સહિત દેશભરમાં વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા લોકોને જાગૃત કરવા ગુજરાત સહિત દેશભરમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેનીય છે કે કચ્છના બન્ની વિસ્તારમાં રાજ્યનું પ્રથમ "ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર" બનાવવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે ત્યારે આ કેન્દ્ર અંગે અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા રાજ્યના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલપુર રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લઈ વિગતો મેળવી છે. આ તરફ પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન્યજીવ વસતિ અંદાજ અને ગણતરી મુજબ, વર્ષ 2023માં રાજ્યમાં નીલગાય, કાળિયાર સહિત અંદાજે 21 પ્રજાતિઓની નવ લાખ 53 હજારથી વધુ વસતિ નોંધાઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. છેલ્લા 14 વર્ષમાં થોળ અને નળ-સરોવર પક્ષી અભયારણ્યમાં જળપ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓની સંખ્યા 18થી 20 લાખ સુધી પહોંચી છે.

---

- રિપિટ- રિધ્ધિ, NAVIN

# BOOK FESTIVAL MOBILE BUS

અમદાવાદના રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવમાં નેશનલ બુક ટ્રસ્ટ- NBT દ્વારા મૉબાઈલ બસની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને સાક્ષરતા અભિયાનમાં જોડવામાં મદદરૂપ થવા આ બસને શહેરના દરેક ખૂણામાં મોકલવામાં આવી રહી છે. અત્યાર સુધી રાણાપુર, ધંધુકા જેવા તાલુકાના વિવિધ ગામડાઓમાં અને શાળાઓ તેમજ કોલેજોમાં આ બસ મોકલવામાં આવી રહી છે.

પ્રવાસી ગ્રંથાલયની જેમ કામ કરતી આ મૉબાઈલ બસમાં વિવિધ ભાષાઓના પુસ્તકોનો સંગ્રહ છે. ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં આ બસ પુસ્તકોની પ્રાપ્યતા સુનિશ્ચિત કરે છે અને વાંચનને પ્રોત્સાહન આપવાનું મહત્ત્વનું કામ કરે છે. હવે પાંચમી ડિસેમ્બરે આ બસ અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટી , છઠ્ઠી ડિસેમ્બરે સચિવાલય, સાત ડિસેમ્બરે ઇન્ફો સિટી પરિસર અને આઠ ડિસેમ્બરે ગાંધીનગર આઈઆઈટી જશે તેવી માહિતી નેશનલ બૂક ટ્રસ્ટના સેલ્સ મેનેજર અમિત સિંહે આપી હતી.

## બાઈટ - અમિતસિંહ, મેનેજર સેલ્સ NBT

---------------------------------------------------------------------

- યાદી, હર્ષલ પંડ્યા, NAVIN

# WEATHER

રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યુ છે.હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાપમાનના આંકડા અનુસાર રાજ્યમાં ગઇકાલ દરમિયાન તાપમાનનો પારો ઉંચકાયો હતો જેને કારણે ઠંડી ઘટી છે. જોકે સરહદી વિસ્તાર એવા કચ્છ અને બનાસકાંઠામાં ઠંડીનું પ્રમાણ યથાવત રહ્યું છે.. નલિયામાં 12 અને ડિસામાં 14.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.. જ્યારે અમદાવાદમાં ગઇકાલે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 3.4 ડિગ્રી વધારો થતા ઠંડીનો ચમકારો ઘટ્યો હતો.

---------------------------------------------------------------------

- હવામાન વિભાગ

હર્ષલ પંડયા, NAVIN

# GUJ. UNI.

ગુજરાત યુનિવર્સિટીની સાયન્સ, કોમર્સ, આર્ટસ, લો એજ્યુકેશન સહિતની વિદ્યાશાખાની પી.એચ.ડી.કક્ષાની વિવિધ બેઠકો પર પ્રવેશ માટેની પીએચડી એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ જાહેર કરાયું છે. આ પી.એચ.ડી. ટેસ્ટમાં કુલ 911 ઉમેદવારોમાંથી 175 ઉમેદવારો પાસ થયા છે.

આ જ મહિનામાં અંડર ગ્રુપ ડિસ્કસન, પર્સનલ ઈન્ટવ્યુ અને આરડીસીની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. જેના આધારે ઉમેદવારોની ફાઈનલ પસંદગી અને પીએચડીમાં પ્રવેશ આપવાની કામગીરી પૂરી થશે.

---

- ડેસ્ક- રિધ્ધિ

NAVIN